## સમરી કેસ નં.૮૬ / ૨૦૨૪.

આરોપી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. પો. સ્ટે., જામનગરના આ કામના તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરુધ્ધની ફરિયાદ દાખલ કરી સેકન્ડ ગુ. ર. નં. ૨૭૪૩/૨૦૨૩ થી ગુનો દાખલ કરેલ તે કામે ક્રી. પ્રો. કો. ક. ૧૭૩ મુજબના આખરી અહેવાલ બાબત.

૧. આ કામના ફરિયાદીની ફરિયાદ આધારે આરોપી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. પો. સ્ટે., જામનગર ખાતે વીજ અધિનિયમની કલમ ૧૩૫(એ)(બી) મુજબ વીજ ચોરી કર્યાનો ગુન્હો દાખલ કરેલ છે.

૨. આમ ઉપર મુજબનો ગુનો આરોપીએ કરી રૂા.૩૫,૭૭૪.૮૩ ની વીજચોરી કર્યાનું જણાઈ આવેલ છે. તેથી વીજ કંપનીએ આરોપીને રૂા.૩૫,૭૭૪.૮૩ ની વીજચોરીની રકમ અને રૂા.૨,૦૦૦/– કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ મળી કુલ રૂા.૩૭,૭૭૪.૮૩ ચૂકવી આપવા નોટિસ આપેલી.

૩. વીજ અધિનિયમની કલમ ૨૦૦૩ની કલમ ૧૫૨(૪) મુજબ જો આરોપીનો આવો પ્રથમ ગુન્હો હોય અને આરોપી વીજ બીલની રકમ તેમજ કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ ભરપાઈ કરી આપે તો તેની સામેના ગુન્હાની કાર્યવાહી પડતી મુકવી. તેવી જોગવાઈના આધારી આરોપીએ તમામ રકમ ચુકતે કરી આપ્યાનું અહેવાલમાં જણાવવામાં આવેલ છે.

૪. વીજ અધિનિયમની કલમ ૨૦૦૩ ની કલમ ૧૫૨(૪) મુજબની જોગવાઈ વંચાણે લેતા સદર હકીકતે સમર્થન મળે છે. જો કાયદાની જોગવાઈ આરોપી સામેના પ્રથમ પ્રોસીડીંગ્સ ઉપરની શરતે માંડવાળ કરવાનું જણાવતી હોઈ આરોપી વિરુધ્ધ પ્રથમ ગુન્હા સંદર્ભે વીજ ચોરીની તેમજ કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ પુરેપુરી ભરપાઈ થયેલ હોવાનું જણાઈ આવે છે માટે તેવી કાર્યવાહી અટકાવી દેવી જોઈએ તેવુ સ્પષ્ટ માનવું છે.

૫. ઉપરના સંજોગોમાં જી.યુ.વી.એન.એલ. પો. સ્ટે., જામનગર એ મોકલી આપેલ ક્રી. પ્રો. કો. ક. ૧૭૩ મુજબનો આખરી અહેવાલ માન્ય રાખવામાં આવે છે અને એમ ઠરાવવામાં આવે છે કે આરોપી વિરુધ્ધ નોંધવામાં આવેલ સેકન્ડ ગુ. ર. નં.૨૭૪૩/૨૦૨૩ ના કામે શરૂ કરવામાં આવેલ તપાસ કામગીરી આથી વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૫૨(૨) મુજબ માંડી વાળવામાં આવે છે. રજૂ કરેલ ક્રી. પ્રો. કો. ક. ૧૭૩ મુજબનો આખરી અહેવાલ માન્ય રાખવામાં આવે છે.

જો કોઈ મુદામાલ કબજે કરેલ હોય તો તેનો પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ : દ્વારકા
તારીખ : ૨૨–૦૬–૨૦૨૪ ( લોક અદાલત)
(#STENO.:H.N.T.)

(કે. જે. મોદી)
એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ એન્ડ
સ્પેશ્યલ જજ,દ્વારકા, જિલ્લો: દેવભૂમિ દ્વારકા.